SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# લોકકથાના સંશોધક - સંપાદક પુષ્કર ચંદરવાકર

*દિનેશ જી. હડિયલ*

શ્રી પુષ્કર ચંદરવાકરની વ્યાપક સંશોધન-સંપાદન પ્રવૃત્તિના પરિણામ સ્વરૂપ તેમની પાસેથી સાત જેટલાં લોકકથાના સંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં, ઘેડપ્રદેશ, મહેસાણા જિલ્લો, ઈડર, ઝાલાવાડ, હાલાર, ચંદરવા, ભાલ સોરઠ આદિ પ્રદેશોની ભતીગળ લોકસૃષ્ટિ તાદ્રશ થાય છે. શ્રી ચંદરવાકરના લોકકથાના સંગ્રહો આ પ્રમાણે છેઃ 'ખેતરનો ખેડુ'(1955),'સોંપ્યા તુજને શીશ'(1966), 'સોનાની ઝાલ'(1970), 'ઓખામંડળની લોકકથાઓ'(1970), 'બહારવટિયા ફોજદાર'(1978), 'ખીજડિયું'(1990) અને 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ'(1993). અહીં પ્રસ્તુત લેખમાં પુષ્કર ચંદરવાકરના લોકકથાના સંગ્રહો તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. તો તેનો વિગતે અભ્યાસ કરીએ.

**(1) ખેતરનો ખેડુઃ**

ઈ. સ.1955 માં પ્રગટ થયેલો પુષ્કર ચંદરવાકરનો આ પ્રથમ લોકકથા સંગ્રહ છે. જેમાં, કુલ દસ કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહની પ્રસ્તાવનામાં જ ચંદરવાકર નોંધે છે- "આ કથાઓનું વસ્તુ મુખ્યત્વે લોકજીભેથી સાંપડ્યું છે. કોઈ પણ કથકે આ કથાઓ કહેતી વખતે જ્ઞાતપણે (Consciously) તે કહી હોય તેવું પણ બન્યું નથી, અને તેથી કહેવાતી કથાના વાર્તાતત્ત્વો ને શૈલી તેમાં ન પ્રવેશે તે સ્વાભાવિક છે. ગપ્પા મારતા અને વાત વાતમાં વસ્તુને તેઓએ એમ જ કથી નાખ્યું તેવું આ સૌ કથા પરત્વે વિશેષતઃ બન્યું છે. તેથી આ કથાઓને કહેવી હોય તો લોકકથાઓ કહી શકાય."

આ વાર્તાઓ વાર્તા કથનની કોઈ સભાનતા સાથે કહેવાય હોય તેવું લાગતું નથી કે સાહિત્યના ચોકઠામાં બેસાડી શકાય તેવું પણ લાગતું નથી. સંગ્રહની પ્રથમ વાર્તા 'જમાદારનો કુવો' પાટણ-રાધનપુર તરફના ગામડાંઓની ઐતિહાસિક ગાયકવાડી રિયાસતની પીઠિકા પર રચાયેલી વાર્તા છે. ઔતિહાસિક કથાનક ધરાવતી આ વાર્તામાં યાસીખાન બલોચની સમજદારી, વફાદારી અને વીરતાની વાર્તા છે. સંપૂર્ણરીતે આ વાર્તા ઔતિહાસિક નથી. તેમાં લેખકના કલ્પનાના રંગો પણ ઉમેરાયા છે. તેમ છતાં તેમાં લોકવાર્તાના અંશો ભારોભાર જોવા મળે છે.

બીજી કથા 'અવ્વલ મંજીલે' પાટણની પૃષ્ઠભૂમિમાં ઉઘડતી કથા છે. જેમાં, બહારવટે ચડેલા મીરખાંની કથા આલેખાય છે. તો, 'હીરરાંઝા' ઐતિહાસિક વિષય પર આલેખાયેલી કથા છે. તેનું કથાનક સંપાદકને લોકગીતોના અભ્યાસમાંથી જડ્યું છે. હીર અને રાંઝાની પ્રણયકથા સર્વ પંજાબીઓના ઘરઘરની લોકપ્રિય કથા છે. 'ગોપાલક' વાર્તાનું કથાનક વટવાના સાબિર અલીભાઈ પાસેથી મેળવ્યું છે. અમદાવાદના નાનાભાઈ 'સૈયદ મહમદ ઝાહીદ' આ વાર્તાની પાત્ર વિભૂતિ છે. સૈયદ મહમદ ઝાહીદે અમદાવાદના સુલતાન મહમદ બેગડાના કસાઈઓના સકંજામાંથી ગાયના વાછરડાને બચાવેલું તેનો બદલો લેવા ખુદ બાદશાહ પીરબાપુની સામે થવાના ઈરાદાથી ગયેલો પણ પીરબાપુના પ્રભાવથી તે પીરબાપુના પગમાં ઢળી પડેલો. એ પીરબાપુની કબર વટવાના પાદરમાં આજે પણ છે.

'ખેતરનો ખેડુ' કથા એના લાઘવને કારણે ધારદાર બની છે. રેતની વાવણી કરતા રાઘવાને જોઈ લોકો તેની મશ્કરી કરે છે પણ બીજા દિવસે આખું ખેતર ઘઉંથી લહેરાતું જોવા મળે છે. જાણે ખેતરમાંથી સત ઉગ્યાં અને ખેતર લણ્યા પછી રાઘવા ભગત સંસારનો ત્યાગ કરી વિતરાગી બની લોકોના દિલના ખેતરો ખેડવા મંડી પડે છે. રેતની વાવણીથી ઘઉંનો પાક લહેરાય એ ચમત્કારનું તત્ત્વ આ કથામાં કેન્દ્રસ્થાને છે. 'એળે ગયું વેણ' પણ ચમત્કૃતિ તત્ત્વથી સભર કથા છે. મેશ્વો નદીનો ધરો જુવાન ઠાકરડાનું અભિમાન કાળીગાના ધરામાં ચકનાચુર થઈ જાય છે અને કોઈ દિવ્ય અવાજ એને 'ફરીથી આ ધરા તરફ ક્યારેય નહીં આવે' એવું વચન લેવડાવી નવજીવન બક્ષે છે. દિવ્ય તત્ત્વનો ચમત્કાર કથાનું ચાલક બળ બને છે. 'વજેસંગની કલા' વર્તમાન માનવજીવનનું પ્રતિબિંબ ઝીલતી પ્રણયકથા છે.

આમ, 'ખેતરનો ખેડુ' સંગ્રહની વાર્તાઓમાં ઠીક ઠીક વસ્તુવૈવિધ્ય જોવા મળે છે. વર્ગીકરણની નજરે આ કથાઓને નિહાળીએ તો 'હીરરાંઝા'ની કથાને દંતકથા - Myth લેખી શકાય. 'અવ્વલ મંજિલે' અને 'જમાદારનો કૂવો' વીરરસથી ભરપૂર એવી વીરપુરુષોના પરાક્રમની કથાઓ છે. બાકીની અન્ય ચમત્કાર અને પ્રણયના મુદ્દાઓને લઈને લખાયેલી કથાઓ છે.

 *દિનેશ જી. હડિયલ, શોધછાત્ર, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ મો-7096598684*

**(2) સોંપ્યાં તુજને શીશ :**

આ સંગ્રહમાં નવ પ્રાદેશિક વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઘેડ પ્રદેશ, મહેસાણા જિલ્લો, ઈડરનો મારવાડનો પ્રદેશ, ઝાલાવાડ, સોરઠ, હાલાર, ચંદરવા, ભાલ વગેરે સ્થળોની ભતીગળ લોકસૃષ્ટિ એમાં પ્રતિબિંબીત થઈ છે. તેમાં પરાક્રમ, જનશ્રુતિઓ, બહારવટિયાઓની કથા ઉપરાંત પુરાણકથા, વીરકથા, પાળિયાકથા, ઇતિહાસકથા અને પશુપ્રેમની કથાઓ છે. આ દરેકના આલેખનમાં લેખકે દાખવેલું પ્રયોગ વૈવિધ્ય, પ્રસંગાનુરૂપ ચિત્રાત્મક અને બળકટ આલેખન લોકજીવનનો ધીંગો રણકાર અને ખુમારી-ખાનદાનીનો મસ્તીભર્યો ઊર્મિઉછાળ પણ એમાં છે.

સંગ્રહની પ્રથમ કથા 'બલોચ બચ્ચો' સઆદતખાનની બહાદુરી અને શહાદતના પ્રશષ્ટિગાનની કથા છે. 'બેટા મૂંઝાતો મા!' સંપાદકના વતન ચંદરવાની પૃષ્ઠભૂમિમાં ઉઘડતી જૂના જમાનાના સમજુ ઘરડાઓની સમજદારી નિરૂપણ થયેલી કથા છે. આર્થિક સંકડામણને કારણે આત્મઘાત કરવા તૈયાર થતા પુત્રને માતા પોતે સાચવી રાખેલી મૂડીથી બચાવી આદર્શ અને વ્યવહારું માતાનું ઉદાહરણ પૂરું પાડે છે. એમાં લોકકથાના અંશો પડ્યા છે. 'ભારા કાના' બરડા ડુંગરની પડખે આવેલા કુછડી ગામના ભડવીર ભારા કાના મેરની મર્દાનગીને વર્ણવતી કથા છે. નિર્દોષ હરણીનો શિકાર કરતા રાજના સિપાઈઓની સામે ચડે છે અને રાજની નારાજગી વહોરે છે. રજદરબારમાં હાજર થવાનું ફરમાન આવતા તે ત્યાં જઈ એજ ખુમારીથી અડગ ઉભો રહે છે. રાણા સાહેબ તેની નીડરતા જોઈ શિક્ષા કરવાને બદલે બક્ષિસ આપી નવાજે છે. 'કંડોરણાનો કિલ્લેદાર' વફાદારી અને બેવફાઈના પ્રતીક સમા કંડોરણાના પાદરમાં ઉભેલા ખંડિત કિલ્લાની ઇતિહાસ કથા છે. તો 'ઈજનેર-ભેજું' શિર્ષકથી રચાયેલી કથા લોકવાર્તાને બદલે ચંદરવાકરની સ્મૃતિના સથવારે જીવંત બનતી સ્મૃતિકથા છે. દરિયાની ભરતીને કારણે ખારાઉસ બનતા ભાદરના પાણીને બચાવવા અંગ્રેજ સરકારના ઈજનેર દ્વારા તૈયાર થયેલ પ્લાન મુજબના પુલની કથા છે. તો 'મરજીવો' ખેડા જિલ્લાના બોરસદ પાસેના ભોરલ ગામના બહારવટિયા બાબર દેવાની ખુમારીને વર્ણવતી કથા છે.

આમ, 'સોંપ્યાં તુજને શીશ' સંગ્રહની વાર્તાઓ ભાવકને પોતાનામાં સાદ્યંત લીન રાખી શકે તેવી સક્ષમ છે. કથાઓનું ઉત્કૃષ્ટ પાસું એની સજીવ, ખમીરવંતી અને વફાદારીના પ્રતીક સમી પાત્રસૃષ્ટિ છે. ગદ્યરીતિ અને નિરૂપણમાં સરળતા, જીવંતતા અને ગતિશીલતા અનુભવાય છે. ભાવક જાણે લોકકથામાં મુગ્ધ બની સાદ્યંત ખેંચાતો રહે છે.

**(3) સોનાની ઝાલ :**

'સોનાની ઝાલ'લોકવાર્તા સંગ્રહમાં સંપાદિત ઓગણીસ કથાઓ શ્રી ચંદ્રવાકરની સંપાદક પ્રતિભાનો પ્રબળ આવિષ્કાર છે. પુસ્તક પ્રારંભે ચંદરવાકરે 'લોકવાર્તાના થંભો' નામે વિસ્તૃત પ્રવેશક આપ્યો છે. જે એમાંથી કથાઓને પામવામાં ઉદ્દીપક સમાન બની રહે છે. સંગ્રહની પ્રથમ લોકવાર્તા 'ભાણુંબા' સ્ત્રી-પુરુષ વચ્ચેના અશરીરી પ્રેમ અને સમર્પણને વિષય બનાવતી કથા છે. ભાણુંબાનો દેવોભા માણેક પ્રત્યેનો અશરીરી પ્રેમ અને એ પ્રેમને ખાતર બલિદાન આપનાર ભાણુંબાનું પાત્ર લોકવાર્તાના આરંભથી અંત સુધી છવાયેલું રહે છે. બીજી કથા 'સપિયારદે' પણ આવા જ અજોડ પ્રેમની કથા છે. દાંપત્યજીવનમાં જોવા મળતા મિલન, વીરહ, પ્રેમ અને કરુણાના વિવિધ ભાવોને વાંચા આપી છે.' જશરાજ માણેક' ઓખામંડળની લોકસંસ્કૃતિને ઉજાગર કરતી કથા છે. રાજવી શાખાને ગૌરવાન્વિત કરનાર સ્વામી ભક્ત જશાજી લીંબડની વફાદારીને બિરદાવતી કથા છે. 'ખરી ખાનદાની' માં ખાનદાની અને વફાદારીનો મહિમા વર્ણવાયો છે. 'પરસોત્તમ પંડ્યા' શીર્ષકથી સંપાદિત લોકવાર્તામાં માતેલા સાંઢ સમાં મલ્લને ધરતી ભેગો કરી રાજની આબરૂ સાચવતાં ભડવીર બ્રહમપુત્ર પરસોત્તમ પંડયાની વીરતાને બિરદાવવામાં આવી છે.

'સોનાની ઝાલ' કનેર પંથકની કથા છે. એમાં ચંદરવા વેંઝળકા ગામનાં ભૂતકાલીન વારસા નિમિત્તે કનેર પંથકનો આખો પરિવેશ હુબહુ રજૂ થયો છે. 'તુમ ખુદા' અને 'નાક સાટે નાક' કંઇક અંશે નિર્બળ કહી શકાય એવી કથાઓ છે. ચંદરવાકરની લોકસાહિત્યના સંપાદક તરીકેની જે સિદ્ધિ છે એમાં સર્વાંશે ઝળકી નથી, પરિણામે એમાં ચમત્કૃતિનો અભાવ જોવા મળે છે.

'ટીયાપણ' કનેર પંથકની કથા છે. આ લોકવાર્તાનું કથાનક સાવ સાદું, સીધું અને સરળ છે. કથાનકમાં કનેર પંથકની ભાષા હુબહુ પ્રયોજાય હોવાથી સંપાદકને કેટલાક પ્રાદેશિક શબ્દોની સમજૂતી આપવાની ફરજ પડી છે. સંપાદનને વૈજ્ઞાનિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. 'ખૂટલાય ખેલાડી' અને 'તર્પણ' પરસ્પર અનુસંધાન ધરાવતી કૃતિઓ છે.અલગ અલગ ક્રમાંકે સંપાદિત થયેલ આ બંને કથાઓ વાસ્તવમાં એક જ કથાનક ધરાવતી કથાઓ છે. પ્રથમ કથાનું કથાનક અધૂરું છે, જે બીજી કથામાં પૂરું થતું જણાય આવે છે. છતાં બંને ભિન્ન ભિન્ન રૂપે માણી શકાય એવી કથાઓ છે.

લોકવાર્તાના આ સંગ્રહમાં પુષ્કર ચંદરવાકરની કલમ ચિત્રકારની પીંછીની અદાથી અવનવાં શબ્દચિત્રો ખડા કરીને કનેરના મૂલક ને ઝાલાવાડની તેમજ ગોહિલવાડના પ્રદેશને જીવંત કરે છે.ઓખા માટે લોકોક્તિ છે કે 'ઓખો જગ થી નોખો' આવા નોખા ધરતીખંડની નોખી ભૂમિ એટલે ઝાલાવાડ પંથકનું લાડવા ગામ. જ્યાં વાઘેર જ્ઞાતિની મોવડી શાખના માણેકોના બેસણાં છે, ને તોતિંગ ગઢ બંધાણાં છે. એ ગઢના પથ્થરે

પથ્થરે વાઘેરોના જીવનનો ખુમારીભર્યો ઈતિહાસ ચિતરાયો છે. એ ઇતિહાસ ગ્રંથનું પહલું પાનું એટલે જશરાજ માણેક. જેણે માથાફરેલ હબસીઓને ખાંડીને લાડવા ગામના ગઢમાં ધરોબી દીધા હતાં. દોમ દોમ સાહ્યબી ભોગવતા લાડવાના એ મોવડી વાઘેરના પરાક્રમની કથા આ લોકવાર્તામાં વણાઈ છે. ' રાયબો - સાયબો ' એક છેડેથી પીરોજ પાટણ અને બીજે છેડેથી ઓખાની ભૂમિને ઉજાગર કરે છે. પોતાના પિતાને મારી રાજગાદી પચાવી પાડનાર મેહેમ ગુડુકાને મહેલ બહાર કાઢી બાપનાં મોતનો બદલો લેતાં પુત્રો રાયબો અને સાયબોની કથા અહીં આલેખાય છે.

'સમો-બળવાન' જિંદગીના મૂળભૂત તત્વો એવા સમયનું મહત્વ સમજાવતી કથા છે.માણસ બળવાન નથી પણ સમય બળવાન છે. એ સનાતન સત્યને રજૂ કરતી એક લોકોક્તિ પ્રચલિત છે.

'સમય સમય બલવાન, નહીં મનુષ બલવાન;
કાબે અર્જુન લુંટિયો, વહી ધનુષ વહી બાણ.'

આમ સમયનું મહત્વ દર્શાવતી આ કથા છે. સમયની સામે બાથ ભીડતા અને ઝઝૂમતા બે વણિક પુત્રો મલુકચંદ શેઠ અને પૂનમચંદ શેઠના કથાનકને રજૂ કરતી આ કથા છે. તો ' સાચનું પારખું ' માં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્તંભ સમાં બ્રહ્મચારી શ્રી બ્રહ્માનંદજીનાં જીવનપ્રસંગને લોકવાર્તાનું રૂપ મળ્યું છે. આ સંગ્રહની અન્ય વાર્તાઓમાં ' સાતે વરસે શામળો ' માં દિલ્હી પતિ અકબર બાદશાહના જાનિ દુશ્મન મુજફ્ફરશાહને શરણ આપવા બદલ રાજ ગુમાવનાર આરંભડાના ખમીરવંતા ક્ષત્રિય ઠાકોર શારંગદેવની કથા નીરૂપાય છે.

'ગોરો ખડિયો' હળવદનાં કવાડિયાનાં દેવિપૂતરની મર્દાનગીને વર્ણવતી કથા છે. ઝાલા રાયસિંહજી અને સાહેબજી જાડેજા વચ્ચેનાં ધિંગાણામાં રાજા રાયસિંહજી મરાયા. રાણીએ હઠ લીધી કે રાજા રાયસિંહજીનું માથું ખોળામાં લઈને જ ચિત્તા માથે ચડું, પણ જાડેજાની છાવણીમાંથી રાજાનું મસ્તક લાવે કોણ? કોઈ રાજપૂત તૈયાર ન થયો ત્યારે કાવડિયા ખાડિયા શાખના ચારણે એ કામ માથે લીધું,શૂરવીરતાપૂર્વક એ કામ પાર પાડ્યું એની કથા આલેખાય છે.

'અમલનાં અમરત' કાંઇક નિર્બળ કહી શકાય એવી રચના છે. તો ' સૂરજમલ ટેકે ' રાજપૂત સુરજમલ ઠક્કરના જીવનની પરાક્રમી કથા છે. ' જસાજી લિંબડ ' હળવડની રાજવી શાખાને ગૌરવાન્વિત કરનાર સ્વામી ભક્ત જશાજી લીંબડની વફાદારીને બિરદાવતી કથા છે. 'ખરી ખાનદાની 'માં ખાનદાની અને વફાદારીનો મહિમા વર્ણવાયો છે. 'પરસોત્તમ પંડ્યા ' શીર્ષકથી સંપાદિત લોકવાર્તામાં માતેલા સાંઢ સમાં મલ્લને ધરતી ભેગો કરી રાજની આબરૂ સાચવતાં ભડવીર બ્રહમપુત્ર પરસોત્તમ પંડ્યાની વીરતાને બિરદાવવામાં આવી છે.

'સોનાની ઝાલ' કનેર પંથકની કથા છે. એમાં ચંદરવા વેંઝળકા ગામનાં ભૂતકાલીન વારસા નિમિત્તે કનેર પંથકનો આખો પરિવેશ હુબહુ રજૂ થયો છે. 'તુમ ખુદા ' અને 'નાક સાટે નાક ' કંઇક અંશે નિર્બળ કહી શકાય એવી કથાઓ છે. ચંદરવાકરની લોકસાહિત્યના સંપાદક તરીકેની જે સિદ્ધિ છે એમાં સર્વાંસે ઝળકી નથી, પરિણામે એમાં ચમત્કૃતિનો અભાવ જોવા મળે છે.

' ટીયાપણ ' કનેર પંથક ની કથા છે. આ લોકવાર્તાનું કથાનક સાવ સાદું, સીધું અને સરળ છે. કથાનકમાં કનેર પંથકની ભાષા હુબહુ પ્રયોજાય હોવાથી સંપાદકને કેટલાક પ્રાદેશિક શબ્દોની સમજૂતી આપવાની ફરજ પડી છે. સંપાદનને વૈજ્ઞાનિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. 'ખૂટલાય ખેલાડી' અને 'તર્પણ ' પરસ્પર અનુસંધાન ધરાવતી કૃતિઓ છે.અલગ અલગ ક્રમાંકે સંપાદિત થયેલ આ બંને કથાઓ વાસ્તવમાં એક જ કથાનક ધરાવતી કથાઓ છે. પ્રથમ કથાનું કથાનક અધૂરું છે, જે બીજી કથામાં પૂરું થતું જણાય આવે છે. છતાં બંને ભિન્ન ભિન્ન રૂપે માણી શકાય એવી કથાઓ છે. લોકવાર્તાના આ સંગ્રહમાં પુષ્કર ચંદરવાકરની કલમ ચિત્રકારની પીંછીની અદાથી અવનવાં શબ્દચિત્રો ખડા કરીને કનેરના મૂલક ને ઝાલાવાડની તેમજ ગોહિલવાડના પ્રદેશને જીવંત કરે છે.

**(4) ઓખમંડળની લોકકથાઓ:**

આ સંગ્રહ ચૌદ વૈવિધ્યપૂર્ણ લોકવાર્તાઓનો સંચય છે. એમાં કથન પધ્ધતિ, વર્ણન પધ્ધતિની દ્રષ્ટિએ લોકકથાના કેટલાક લક્ષણો ધરાવતી કથાઓ આ પ્રમાણે છે.'કાબે અર્જુન લુંટિયો ', 'રાયબો સાયબો ', 'મ્યાઝર કેર ', સતી મેઘાબાઈ ', 'જશરાજ માણેક', 'સમૈયા માણેક ' અને 'માંડણ સુમણિયો' . આ સંગ્રહ માં ચૌદ કથાઓના સંપાદનની સાથે છેલ્લાં બે પ્રકરણોનાં ઓખમંડળના વાઘેરોનો ઈતિહાસ તથા માણેકપરના કવિતો અને દોહાઓ વિશે રસપ્રદ સંશોધનાત્મક લેખો પણ આપવામાં આવ્યા છે. આ સંગ્રહનું સૌથી નોંધપાત્ર પાસું તે પુસ્તાકારંભે આપવામાં આવેલ વિસ્તૃત પ્રવેશક છે. 'ઓખો અસાંજો આય!' શીર્ષકથી આપવામાં આવેલ આ પ્રવેશકમાં ઓખાની ઉત્પત્તિ ઓખમંડળની ભાષા, ઓખા પ્રદેશની પવિત્ર ભૂમિ અને એનું આગવું ગૌરવ સૂચવતા દોહાઓ દ્વારા ઓખામંડળનો સંક્ષિપ્તમાં પરિચય કરાવવામાં આવ્યો છે. પોતાની અલગ ઓળખ જાળવી રાખી સ્વમાનભેર જીવતી ઓખામંડળની વાઘેર જાતિના લોકજીવન અને લોકસંસકૃતિનો એમાંથી વિસ્તૃત પરિચય મળે છે.આ સંગ્રહની ચૌદ સંપાદિત કથાઓમાં 'રાયબો સાયબો', 'સાતે વરસે શામળો', 'ભાણુંબા' અને 'જશરાજ માણેક' જેવી લોકવાર્તાઓ એમના અગાઉના સંપાદન ગ્રંથ ' સોનાની ઝાલ ' માં પ્રકાશિત થઇ ચૂકી છે. અહીં તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે.

આ સંગ્રહની વાર્તાઓમાં જોઈયે તો 'કાબે અરજણ લૂંટિયો' એ પ્રથમ લોકવાર્તામાં દ્વારકા નગરીની ઉત્પતિ ,દ્વારકા નગરીનું નામભિધાન તથા પ્રસિદ્ધ લોકોકિત -' સમય સમય બલવાન નહિ પુરુષ બલવાન' સાથે જોડાયેલ કથાની વ્યુત્પત્તિ બતાવવામાં આવી છે. ' માણેક કહેવાયા ' નામની લોકકથામાં ઓખમંડળની વાઘેરોની એક પ્રશાખા એવી ' માણેક ' ની ઉત્પત્તિની કથા સંપાદિત થઇ ચૂકી છે. ' મ્યાઝર કેર ' ગોરિંજા ગામના એવા બાહોશ અને ખડતલ નવજુવાન પુરુષની કથા છે. ' સતી મેઘાબાઈ ' મા ભોમની રક્ષા કાજે પ્રાણ ન્યોછાવર કરતી મેઘાબાઈ નામની વીરાંગનાની કથા છે. ' સમૈયા માણેક ' વાઘેર કુળમાં જન્મેલા સંતપુરુષ સમૈયા માણેકની કથા છે . ' રામ રામ છાપરે મૂક્યા છે ' લોકવાર્તાનું શીર્ષક જેમ ચમત્કૃતિ વગરનું લાગે છે તેમ તેનું કથાનક પણ એવું જ ચમત્કૃતિ વગરનું છે. અન્ય વાર્તા ' મોટો માછીમાર ' શામળા માણેકની બહાદુરીને વર્ણવતી કથા છે. તો 'માંડણ સુમણિયો ' ઓખમંડળના નાનકડા ગામ ગઢેચીના બહાદુર વાઘેરની કથા છે.

આમ, આ સંગ્રહની કથાઓમાંથી પસાર થતાં એમ કહી શકાય કે ઓખમંડળની લોકસંસ્કૃતિનાં કેટલાક પરાક્રમી, ચમત્કારી અને સ્વાર્પણશીલ સ્ત્રી-પુરુષના પાત્રોને લોકવાર્તાના માધ્યમથી પુનર્જીવિત કર્યા છે.

**(5) બહારવટિયા ફોજદારઃ**

'બહારવટિયા ફોજદાર' કાર્યદક્ષ, ખડતલ , નીતિપરાયણ અને કુનેહબાજ પોલીસઅફસરોના પરાક્રમોને આલેખતી વૃતાંત કથા છે. જો-કે એમાં મુખ્યત્વે તોવિહોલ કુળનાં લૂંટારાઓને ઉચ્છેદનાર પૂંજાજી ચાવડાના વંશજ શ્રી પૃથ્વી સિંહજી રાઓલના પરક્રમી, નીડર, પ્રતિષ્ઠાવંત અને કર્મયોગી જીવનની શૌર્યકથા જ અલેખાય છે. છતાં એમાં બીજા કેટલાક પ્રમાણિક અને નિષ્ઠાવાન પોલીસ અફસરોના જીવન વૃતાંતો પણ આલેખાયા છે. સ્વરૂપની દ્રષ્ટીએ આ લોકકથાઓ જીવન વૃતાંતો છે.

**(6) ખીજડિયુંઃ**

'ખીજડિયું' વૈવિધ્યપૂર્ણ નવ વાર્તાઓનો સંગ્રહ છે. શ્રી પુષ્કર ચંદરવાકરની સંપાદક - સંશોધકની દ્રષ્ટિ આ સંગ્રહમાં પૂર બહારમાં ખીલી ઉઠી છે. આંતરાષ્ટ્રીય પુસ્તક મેળા માટે ભારત તરફથી ' ધી નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા ' દ્વારા શ્રી ચંદરવાકરનો આ લોકવાર્તા સંગ્રહ પસંદગી પામેલો એ બાબત એમની સર્વોત્કૃષ્ટ પ્રતિભાનું પ્રમાણ છે. આ સંગ્રહની નોંધપાત્ર બાબત એ છે કે આ કથાઓના સંશોધન માટે લેખકને બહુ દૂરનો પ્રવાસ ખેડવો પડ્યો નથી, કારણ કે આ કથાઓમાની મોટા ભાગની કથાઓ લેખકના વતન ચંદરવા અને એની આસપાસના પરિવેશમાંથી હાથ લાગી છે.

પ્રથમ લોકકથા 'ખીજડિયું ' લેખકના વતન ચંદરવાની પૃષ્ઠભૂમિમાં ઊઘડે છે.' ખીજડિયું' નામાભિધાન ચંદરવાની ઉગમણી દિશાએ આવેલા એ ખેતરનો નામોલ્લેખ સૂચવે છે. બીજી વાર્તા ' મોટાં મિયાં ' બનાસકાંઠાના કોળીયારા પંથકની કથા છે. તો ' ચિનગારીનો આતશ ' પરાક્રમ અને ખુમારીની કથા છે. ' ભડ ભામણી ' સરધાર ગામે વસતા કેશુભા ભામણીના ટેક અને સ્વમાનની કથા છે. અન્ય કથાઓમાં ' દેરિવાળું ' ચંદરવાની આથમણી દિશાએ નામ કે અક્ષર વિનાના ઉભેલા ત્રણ પાળીયાની કથા છે. આ કથામાં સંપાદકે મૂળની ભાષા અને કથન પધ્ધતિની શૈલી જાળવી રાખી છે. તે આ કથાની વિશિષ્ટતા છે.

'લાજ ન આવત આપકો' માં સુપ્રસિદ્ધ કૃતિ 'રામ ચરિત માનસ' ના કર્તા કવિ તુલસીદાસજીના જીવન પર આધારિત કિંવદન્તિને લોકવાર્તાનો આકાર આપવાનો પ્રયત્ન થયો છે. ' ધરમના ભાઈ બહેન ' ભાઈ બહેનનાં પવિત્ર સબંધની કથા છે.

**(7) ઉત્તર ગુજરાતની લોકકથાઓઃ**

ઉત્તર ગુજરાતના લોકકથા સાહિત્યને વાચા આપતો આ ચંદરવાકરનો નોંધપાત્ર સંગ્રહ છે. લોકસાહિત્યના સંપાદક તરીકે ચંદરવાકરની આગવી પ્રતિભાનું દર્શન તેમની આ લોકકથાઓ કરાવે છે. આ સંગ્રહની લોકવાર્તાઓ જોઇએ તો 'મહેણાંનાં માર્યા' માં મધ્યકાલીન યુગનું વાતાવરણ રાઠોડો અને ઝાલોરી વચ્ચેનાં યુદ્ધમાં ફતેહખાનની જીત થાય છે . તેની કથા આલેખાય છે. ' પટલાણીનો પ્રેમી ' પ્રણય જીવનનું કથાનક ધરાવતી કથા છે. ' ચકલી ધૂળમાં રમી જાત ' શિષ્ટ સાહિત્યિક વાર્તાનાં સ્વરૂપની લોકકથા છે. તો ' કંધોતર ' પાલનપુર પાસેના નાનકડા ચંડિસર ગામની કથા છે. ' નગા પટેલ ' વાર્તામાં ખાનપુરના બાહોશ નગાપટેલની મર્દાનગીની કથા આલેખાય છે. અહીં સંપાદિત અન્ય વાર્તાઓમાં 'સૂરજમલની ટેકે' , 'મોટા મિયાં', 'ધરમના ભાઈબહેન' અને 'અંતઃતાપ ઠાર્યો' જેવી કથાઓ અગાઉ ' ખીજડિયું ' માં પ્રકાશિત થયેલી કથાઓ છે, જેનું અહીં પુનરાવર્તન થયું છે.

આમ, પુષ્કર ચંદરવાકર દ્વારા સંશોધિત સંપાદિત આ સાતેય લોકકથાના સંગ્રહો પરથી કહી શકાય કે પુષ્કર ચંદરવાકર એક ઉત્તમ કોટીના સંશોધક સંપાદક છે.

**સંદર્ભગ્રંથ**

**૧. 'પુષ્કર ચંદરવાકર અને લોકસાહિત્ય', ડૉ. અમૃત જાદવ, ગુજરાતી વિશ્વકોશ**